# તલાટીની ઓનલાઈન અરજીનો આંકડો ૨૪ કલાકમાં જ ૧ લાખને આંબી ગયો

## અંદાજે ૧૫ લાખ ફોર્મ ભરાવવાની શક્યતા

ગાંધીનગર, તા. ૧૭

બે વર્ષના લાંબા ગાળા બાદ રાજ્ય સરકારના ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રેવન્યુ તલાટીની ૨૪૮૦ જગ્યાઓ માટે સીધી ભરતી કરવા જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. જાહેરાત માટેના ઓનલાઈન ફોર્મ ભરાવવાની શરૂઆત થતા જ માત્ર ૨૪ કલાકમાં જ ઓજસની વેબસાઈટ પર અધધધ... ૧.૫ લાખ ઉમેદવારોએ પોતાના ફોર્મ ભરી દીધા છે. આવનાર દિવસોમાં આ ફોર્મનો આંકડો ૧૫ લાખને પણ વટાવી દેશે તેવું દેખાઈ રહ્યું છે.

બહુચર્ચિત રેવન્યુ તલાટી ભરતી પ્રકરણના બે વર્ષ બાદ ફરી એક વખત રદ કરેલી ૧૫૦૦ અને નવી ૯૮૦ જગ્યાઓ સાથે રાજ્ય સરકારે રેવન્યુ તલાટીની ૨૪૮૦ જગ્યાઓ માટે તાજેતરમાં જ વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી મીટ માંડીને બેઠેલા યુવા રોજગારવાંછુઓ પણ ભરતીની મોસમ આવતા જ હાંસકારો અનુભવી રહ્યા છે. બીજી તરફ ઓનલાઈન ઓજસ વેબસીટ ઉપર ૧૬ ડિસેમ્બરને બપોરે ૨ કલાકે ફોર્મ ભરાવાની શરૂઆત થતાં જ તમામ ઉમેદવારો વહેલા ફોર્મ ભરવા ઓજસની વેબસાઈટ સર્ચ કરી રહ્યા છે. પરિણામે આ સાઈટ ઉપર વધારે ઘસારો જોવા મળતા વારંવાર સર્વર ખોરવાઈ જવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. તેમ છતાં નવાઈની વાત તો એ છે કે, નેટ અને સર્વરના પ્રોબ્લેમ વચ્ચે પણ માત્ર ૨૪ કલાકના ટૂંકા સમયમાં અધધધ... ૧૦,૭૫૯૯ જેટલા ઉમેદવારોએ પોતાની ઓનલાઈન ઉમેદવારી નોંધાવી દીધી છે. ફોર્મ ભરાવાની શરૂઆતથી જ આ સાઈટ પર ભારે ઘસારાનું કારણ લાંબા સમય બાદ આવેલી તલાટીની ભરતી માટેની આટલી બધી એક સાથેની જગ્યાઓ અને યુવા સ્વાવલંબન યોજનામાં વયમર્યાદામાં છુટછાટ મળતા હોવાનું માનવામાં આવે છે.

રાજ્ય સરકારે તાજેતરમાં જાહેર કરેલી આટલી બધી તલાટીઓની ભરતી બહાર પાડતા લાખો બેરોજગાર યુવાનોમાં સરકારી નોકરી મેળવવા ઉત્સુક્તા જોવા મળી છે. બીજી તરફ અંદાજે ૧૫ લાખ જેટલા યુવાનો ઉમેદવારોના ફોર્મ ભરાવવાની શક્યતા છે. ત્યારે પરીક્ષાના ફોર્મ ભરવાથી લઈ પરીક્ષા યોજવાની વચ્ચે ખુબ જ ટૂંકો સમય મંડળ દ્વારા આપવામાં આવ્યો છે. જેથી લાખો ઉમેદવારો મંડળના આ નિર્ણય સામે ભારે ખફા થયા છે. મંડળ દ્વારા જાહેર કરવામાંઆવેલી ૨૧ ફેબ્રુઆરીની સંભવિત રેવન્યુ તલાટીની પરીક્ષાની તારીખ લંબાવે તેવી ઉમેદવારોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

### ખૂણે ખાંચરેથી...

- તામિલનાડુના નાયબ મુખ્ય ચૂંટણી અધિકારી આજે ગાંધીનગરના અતિથી બન્યા હતા.
- ગાંધીનગર ખાતે આગામી માસમાં યોજાનાર ઓલ ઈન્ડિયા સ્પીકર્સ કોન્ફરન્સને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.
- ગાંધીનગર તાલુકામાં મહાનગરપાલિકા અને પેથાપુર નગરપાલિકાની આવી રહેલી ચૂંટણીને લઈ મતદારોને તેમના નામોની ચકાસણી કરી લેવા અને ના હોય તો નોંધાવી દેવા માટે તંત્ર અને રાજકીય પક્ષોએ અપીલ કરી છે.
- ગાંધીનગરમાં ગેઝીયા દ્વારા એક ઈન્ડસ્ટ્રીલ સેમિનારનું આયોજન કરાયું હતું. જેમાં ઉદ્યોગ કમિશનર મમતા વર્મા હાજર રહ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ઠંડીના વધતા જતા માહોલને લઈ શાળાના સમયમાં ફેરફાર કરવાની માંગ વાલીઓમાં ઉઠી છે.
- છેલ્લા બે દિવસથી 'ચ' રોડની ચ-૩ થી સચિવાલય વચ્ચેની સ્ટ્રીટલાઈટો બંધ રહી છે. જો કે સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો શહેરમાં વધવા પામી છે.

### હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ઠંડી છે... એવી બુમો ના પાડ... ઠંડીમાં મરી જાય તેને બે લાખ આપવાની સરકારી જાહેરાત આવે પછી જ હું માનું કે ઠંડી પડી...!!

# પેસેન્જર ગાડીઓ દોડવા દેવા માટે ચાલતુ હપ્તાખોરીનું રેકેટ

## એસીબીના છટકામાં આવેલા બે ફોલ્ડરોએ ચોંકાવનારી વિગતો ખોલી : એસટી, આરટીઓ અને પોલીસ ત્રણેય તંત્રની મીલીભગતથી હપ્તાખોરી ચાલતી હોવાનું ખુલ્યુ : ત્રણેય તંત્રને હપ્તાના રૂપિયા પહોંચાડવામાં આવતા હતા

ગાંધીનગર, તા. ૧૭

પ્રાંતિજ-અમદાવાદ વાયા ગાંધીનગર રૂટ પર ચાલતી પેસેન્જર ગાડીઓ પાસેથી ઉઘરાવવામાં આવતા હપ્તા અંગે એસીબીને ફરીયાદ મળતા ગઈકાલે મોટુ ઓપરેશન ગાંધીનગર એસીબીએ છટકુ ગોઠવીને પાર પાડ્યું હતું. એક પેસેન્જર ગાડીમાં એસીબી ટીમ બેસી ગઈ હતી અને રૂટમાં હપ્તા વસુલતા બે ફોલ્ડરો રેકોર્ડીંગ સાથે પકડી પાડ્યા હતા. તેમની પુછપરછમાં આર.ટી.ઓ., પોલીસ અને એસટી ત્રણેય તંત્રોની મીલીભગતથી હપ્તા રેકેટ ચાલતુ હોવાની ચોંકાવનારી વિગતો ખુલવા પામી છે. કોણ કોણ હપ્તા વસુલ કરીને ક્યાં ક્યાં હપ્તાના રૂપિયા પહોંચાડતુ હતુ તે સહિતની વિગતો બહાર લાવવા એસીબીએ સઘન તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એસીબી પીઆઈ એમ.જે. ક્રિશ્ચિયન ફરીયાદને આધારે તેમની ટીમ સાથે ગઈકાલે અમદાવાદથી એક પેસેન્જર ગાડી ઈકોમાં બેસી ગયા હતા અને હપ્તા ઉઘરાવતી વ્યક્તિને પકડવા અમદાવાદ-પ્રાંતિજ વાયા ગાંધીનગર ચિલોડા રૂટ પરથી ગાડી દોડાવી હતી. રસ્તામાં હપ્તા વસુલાત કરતા બે ફોલ્ડરો ચિલોડા સર્કલ અને પ્રાંતિજ પાસેથી પકડાઈ ગયા હતા. હપ્તાના રૂપિયા લઈ લીધા હોવાનો કોલ કરાવી ઓડીયો-વિડીયો રેકોર્ડીંગ પણ કરી લેવામાં આવ્યું હતું. સાત આરોપીઓના નામ હપ્તા રેકેટમાં ખુલ્યા હતા. જે ધીમે ધીમે વધે તેવી શક્યતા છે. ફોલ્ડરોની પુછપરછમાં વિગતો બહાર આવી છે કે ગાંધીનગર, અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાનું પોલીસતંત્ર, એસ.ટી. તંત્ર અને આરટીઓ તંત્ર આ ઉઘરાયેલા હપ્તા અંદરોઅંદર વહેંચી લેતા હતા. આ રૂટમાં ૧૮૦ જેટલા પેસેન્જર વાહનો ફરે છે તે તમામ વાહનો પૈકી એક વાહન દીઠ મહિને ૪૫૦૦ થી ૫૦૦૦ નો હપ્તો આ શખ્સો ઉઘરાવતા હતા. ૧૮૦ વાહનો પૈકી ૬૦ જેટલા વાહનો તો પોલીસના જ ફરતા હોવાની સ્ફોટક માહિતીઓ એસીબીના સકંજામાં આવેલા બે ફોલ્ડરોએ આપી છે. એસીબીની ટીમે તે દિશામાં પણ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.



### અશ્વિન ત્રિવેદીની નિમણૂંક



નરેન્દ્ર મોદી વિચારમંચ દ્વારા સંચાલિત ગૌવિજ્ઞાન અનુસંધાન શાખા ગાંધીનગર જિલ્લાના જનરલ સેક્રેટરી તરીકે જાણીતા એડવોકેટ અશ્વિનભાઈ ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાત રાજ્યના પ્રમુખ કલ્પેશભાઈ દવે દ્વારા નિમણૂંક કરાઈ છે.

# સેક્ટર-૨૭ અને ૨૨ની સરકારી શાળાને મર્જ ન કરવા શિક્ષણ મંત્રીને રજૂઆત

ગાંધીનગર, તા. ૧૭

સેક્ટર-૨૭ અને ૨૨ની સરકારી માધ્યમિક શાળાને મર્જ ન કરવા વાલી મંડળમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે ત્યારે સ્થાનિક કોર્પોરેટર તેમજ રાજપૂત સમાજ દ્વારા પણ આ મામલે શિક્ષણ મંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગર-પાલિકાના કોર્પોરેટર અશ્વિનકુમાર વ્યાસના જણાવ્યા મુજબ સેક્ટર-૨૨ની આર્યભટ્ટ શાળામાં આસપાસના પછાત અને ગરીબો બાળકો અભ્યાસ કરે છે. આવા સંજોગોમાં માધ્યમિક શાળામાં ધોરણ-૧૨ સુધીના ધોરણો શરૂ કરવા વાલીઓમાં માંગ ઉઠવા પામી છે. ત્યારે શાળાને મર્જ કરવામાં આવે તો વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દે એવી પણ સંભાવના છે. જેથી આ શાળાને મર્જ ન કરવા તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વર્ગો શરૂ કરવા પણ રજૂઆતમાં જણાવાયુંછે. શિવ-શક્તિ મંદિર અને રાજપૂત સમાજ દ્વારા પણ સેક્ટર-૨૭ અને ૨૨ની સરકારી માધ્યમિક શાળા ચાલુ રાખવા શિક્ષણ મંત્રીને રજૂઆત કરવામાં આવી છે. રાજપૂત સમાજના પ્રમુખ કરણસિંહ વાઘેલાએ આ અંગે જણાવ્યું છે કે આ શાળાઓમાં ગરીબ અને મધ્યમવર્ગના બાળકો અભ્યાસ કરે છે ત્યારે સરકાર દ્વારા શાળાઓને તાળાં મારવાનો તગલખી નિર્ણય લઈ આ શાળાઓને ભાડા પેટે ચલાવવા આપી દેવાનું નક્કી કરાયું છે. જેના લીધે વિદ્યાર્થીઓએ અભ્યાસ કરવો મુશ્કેલ બને તેવી સ્થિતિ સર્જાી છે. વિદ્યાર્થીઓનું ભવિષ્ય દિશાહિન ન બને તે માટે માધ્યમિક શાળાઓને યથાવત સ્થિતિમાં ચાલુ રાખવા તેમણે જણાવ્યું છે.



### શિક્ષણ વિભાગનો ક્વાર્ટર ફાઈનલમાં વિજય

સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટ ટૂર્નામેન્ટમાં આજે ક્વાર્ટર ફાઈનલ મેચમાં શિક્ષણ વિભાગે રસાકસીભરી પરિસ્થિતિમાં સામાન્ય વહીવટ વિભાગને ૨ વિકેટે હાર આપી હતી. મેચ અંતિમ ઓવર સુધી અત્યંત ચઢાવ ઉતારવાળી રોમાંચક બની હતી. મેચમાં શિક્ષણ વિભાગ તરફથી ૨૦ ઓવરમાં નોંધાયેલા ૧૬૪ રનમાં દિલીપ નાયીના ૫૯ રન, મહિયતસિંહ ડોડીયાના ૨૩ રન અને સંદિપ થાપાના ૨૧ રન ઉપરાંત ઈમ્તિયાઝ ભગતના અણનમ ૨૭ રન મુખ્ય હતા. મેચની અંતિમ ઓવરમાં અત્યંત રસાકસી ભરી સ્થિતિમાં શિક્ષણ વિભાગે ૨ વિકેટે વિજય મેળવ્યો હતો. મેચમાં દિલીપ નાયીને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા. મેચમાં એમ્પાયરીંગની પ્રસંશનીય સેવાઓ મનીષ વાઘ, સલિલ યાદવ તથા દત્રાતેય મોઝરે આપી હતી.

# ઠંડીના દિવસોમાં શાળાનો સમય બદલવા કલેક્ટરને રજૂઆત કરાશે

## મોર્નિંગ સ્કૂલના સમયમાં ફેરફાર કરવાના મુદ્દે ગાંધીનગરમાં જ દિવા તળે અંધારૂ

ગાંધીનગર, તા. ૧૭

શિયાળાની મૌસમ નિખરતા આક્રમક ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ગાંધીનગર પણ ઠંડીની દૃષ્ટીએ સમગ્ર રાજ્યમાં બીજા નંબરે છે. આવા સંજોગોમાં ઠંડીની માહોલમાં નગરજનો ઠુંઠવાઈ રહ્યા છે. ત્યારે મોર્નિંગ સ્કૂલમાં શાળાએ જતા વિદ્યાર્થીઓની હાલત દયાજનક બની છે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા શાળાના સમયમાં ફેરફાર કરવા કોઈ અસરકારક પગલા ન લેવાતા વાલીમંડળમાં આક્રોશ પવર્ત્યો છે. આ મામલે જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવાનો પણ નિર્ણય લેવાયો છે.

સમગ્ર રાજ્યમાં ઠંડીનું મોજુ ફરી વળતા કોલ્ડવેવથી જનજીવન પ્રભાવિત થયું છે. રાજ્યના પાટનગરમાં પણ ઠંડીનો કહેર યથાવત છે. લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીની અંદર રહેતા નગરજનો રાત્રિના સમયે કામ સિવાય ઘરની બહાર નીકળવાનું ટાળે છે. જ્યારે વહેલી સવારે પણ અસહ્ય ઠંડી અનુભવાય છે. જેના પરિણામે મોર્નિંગ સ્કૂલમાં સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓએ પણ આકરી ઠંડી વેઠવાનો વારો આવ્યો છે. દર વર્ષે રાજ્યના અન્ય શહેરોમાં ઠંડીનો પારો ગગડતા મોર્નિંગ સ્કૂલના સમયમાં ફેરફાર કરી દેવામાં આવે છે. પરંતુ પાટનગરમાં જ આ મામલે દિવા તળે અંધારૂ છે. નગરની મોર્નિંગ શાળાઓમાં અસહ્ય ઠંડીના દિવસોમાં પણ રૂટીન સમયમાં જ શૈક્ષણિક કાર્ય ચાલે છે. વાલીમંડળ દ્વારા પણ આ અંગે દર વર્ષે રજૂઆત કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને ઠંડીથી રક્ષણ પુરૂ પાડવા મોર્નિંગ સ્કૂલના સમયમાં ફેરફાર કરવા જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા પણ કોઈ અસરકારક પગલા ન લેવાતા વાલીમંડળમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે. અમદાવાદ સહીતના શહેરોની જેમ ગાંધીનગરમાં પણ શાળાના સમય બદલવા માંગ ઉઠવા પામી છે. શહેર વસાત મહામંડળ દ્વારા આ અંગે ટુંકમાં જિલ્લા કલેક્ટરને રજુઆત કરવામાં આવશે.

# બોનસ આપવાની જાહેરાતને આવકારતું ભારતીય કિસાન સંઘ

દર વર્ષે કૃષિ પેદાશોના નીચા જતા ભાવો બાબતે ભા.કિ.સંઘ હર હંમેશ રજુઆત કરતું રહ્યું છે. ચાલુ વર્ષે પણ સીઝનના પ્રારંભે તૂટ્યા ભાવો બાબતે સતત રજુઆતો કરવામાં આવી હતી, જેના અનુસંધાને સરકાર દ્વારા ૨૦ કિલો. એ ૧૧૦/- ટેકાના ભાવ ઉપરાંત થયેલ જાહેરાત વિષયે ચાલુ વર્ષે કપાસની ઉત્પાદકતા એકર પર ઘટી છે. ખેતી ખર્ચ વધ્યુંછે, ખરેખર કપાસની પડતર કિંમત ખુબજ ઉંચી આવે છે. જેની સામે ટેકાના ભાવો ઘણાજ નીચા નક્કી કરાય છે. કેન્દ્ર સરકારના કૃષિ ભાવ પંચ દ્વારા ટેકાના ભાવો દર વર્ષે માત્ર ૧ થી ૪ ટકા સુધી જ વધારાય છે. તેની સામે ખેત પેદાશના ઈનપુટના ભાવો ૧૦૦ ટકાથી ઉપરાંતના વધે છે. ખેતી સતત ખોટનો ધંધો બનતો જાય છે. આવા સંજોગોમાં સરકાર દ્વારા કરવામાં આવેલ જાહેરાત સિઝનની શરૂઆતમાં જ કરવામાં આવી હોત તો નાના-સિમાંત કિસાનો ને જેને નીચા ભાવે વેચવાની ફરજ પડી તેને પણ રાહતનો લાભ મળી શક્યો હોત જેને પણ ખરેખર જરૂર હતી.

# સેક્ટર-૧૩ની ઝાડીઓમાં યુવાનને ચાર પિતરાઈ ભાઈઓએ રહેંસી નાખ્યો

ગાંધીનગર, તા. ૧૭

શહેરના સેક્ટર-૧૩ના છાપરામાં રહેતા ચિકલીગર સમાજના ૨૮ વર્ષિય યુવાનને ઘરેથી લઈ જઈને ચાર પિતરાઈ ભાઈઓએ ઝાડીઓ તરફ લઈ જઈ ક્રૂરતાપૂર્વક હત્યા કરી નાંખી હતી. કોઈ અંગત અદાવતમાં ઝાડીઓમાં લઈ જઈ યુવાનના માથે ધોકાનો ફટકો મારી ગળે ધારદાર છરો ફેરવી દઈને રહેંસી નાંખવામાં આવ્યો હતો. સેક્ટર-૭ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને ફરાર આરોપીઓ પકડવા તાત્કાલીક બે ટુકડીઓ રવાના કરી દઈ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

**અંગત અદાવતમાં ઘરેથી ભુંડ પકડવાનુ કહીને ચારેય ભાઈઓ લઈ ગયા ને ઝાડીઓમાં લઈ જઈ માથે ધોકો મારી ગળા પર છરો ફેરવી નાખતા ૨૮ વર્ષના યુવાનનું ઘટનાસ્થળે મૃત્યુ**



ભુંડ પકડવાના વ્યવસાય સાથે સંકળાયેલ સેક્ટર-૧૩ના ચિકલીગર સમાજના યુવાનો વચ્ચે ઘણા લાંબા સમયથી તકરારો ચાલે છે. અગાઉ રાયોટીંગના ગુનાઓ પણ નોંધાઈ ચુક્યા છે. અને હિંસક હૂમલાઓ પણ થયેલા છે. આ જ ચિકલીગર સમાજના એક યુવાનની સમાજના જ યુવાનોએ આજે સમી સાંજે સેક્ટર-૧૩ની ઝાડીઓમાં લઈ જઈ કરપીણ હત્યા કરી નાંખી હોવાનો કિસ્સો બનવા પામ્યો છે. સેક્ટર-૧૩ના છાપરામાં રહેતા ૨૮ વર્ષિય કરતારસિંગ કલ્યાણસિંગ ચિકલીગર આજે બપોરે ઘરે ચા પીતો હતો ત્યારે તેના સગા મામાના ચાર દિકરાઓ (પિતરાઈ ભાઈઓ) તેને લેવા આવ્યા અને ચાલ ભુંડ પકડવા જઈએ કહીને ઘરેથી લઈ ગયા હતા. સેક્ટર-૧૩ બીજ નિગમની ઓફીસ નજીક ઝાડીઓ તરફ લઈ જઈ કરતારસિંગને ચારેયે મળી માથે ધોકો ફટકારી ગળામાં છરો ફેરવી દીધો હતો અને હત્યા કરી ચારેય રફુચક્કર થઈ ગયા હતા. સેક્ટર-૭ પોલીસને ઘટનાની જાણ થતા પી.આઈ. મીની જોસેફ તથા કે.એમ. પ્રિયદર્શી તેમની ટીમ સાથે બનાવ સ્થળે પહોંચી ગયા હતા. દિકરાના લોહીભીના મૃતદેહને ખોળામાં લઈ માતાએ હૈયાફાટ રૂદન શરૂ કર્યું હતું. પોલીસે મૃતકના મોટાભાઈ દિલીપસિંગની ફરીયાદ લઈ હત્યાનો ગુનો દાખલ કરી આરોપીઓ પકડવા ટીમો રવાના કરી દિધી હતી.








જિલ્લા પંચાયતની મેલેરિયા શાખા તથા તાલુકા આરોગ્ય કચેરી માણસા દ્વારા આર.બી.એલ.ડી. વિદ્યાલયના સહયોગથી વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત માણસામાં જન જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. આર.સી.એચ.ઓ. ડૉ. પંડ્યા, જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન, નગરપાલીકાના પ્રમુખ નિતાબેન પટેલ, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. દક્ષાબેન પટેલ, શાળાના આચાર્ય હેમાબેન દ્વારા રેલીને આર.બી.એલ.ડી. વિદ્યાલયથી પ્રસ્થાન કરવામાં આવી હતી. માણસા શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ. રેલીમાં આર.બી.એલ.ડી.ના ૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ વાહકજન્ય રોગ અંગેનો સંદેશો દર્શાવતી ટોપી પહેરીને ભાગ લીધો હતો. શાળાના બાળકો દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા જેવા વાહકજન્ય રોગ માટેના પ્લેકાર્ડ તેમજ બેનર્સ રેલીમાં દર્શાવવામાં આવ્યા હતા. રેલીમાં બાળકો દ્વારા માઈક પ્રચારથી મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયાના વિવિધ સૂત્રો બોલાવવામાં આવ્યા હતા. રેલીના પૂર્ણાહૂતિ તાલુકા આરોગ્ય ઓફિસે કરવામાં આવી જ્યાં બાળકોને નાસ્તાના પેકેટોનું વિતરણ કરવામાં આવ્યું હતું.